હોમગાર્ડઝ સભ્યો અને અધિકારીઓને બઢતી તથા નિમણુંક આપવા બાબત..

હોમગાર્ડઝ, ગુજરાત રાજય

કમાન્ડન્ટ જનરલશ્રીની કચેરી,

હોમગાર્ડઝ હેડકવાટર્સ,

લાલદરવાજા, અમદાવાદ.

પરિપત્ર ક્રમાંકઃ/કજ/વહટ/એસઓ/1783/93

તારીખઃ- 6-ઠ્ઠી, જુલાઇ-1993

વંચાણે લીધાઃ-

એડમિનિસ્ટ્રેશન પરિપત્ર નં.1 તા.3/5/62
પરિપત્ર ક્રમાંકઃ 4571/એડીએમ/સીઓજી/13/7/71.
પરિપત્ર ક્રમાંકઃ 2503/એડીએમ/સીઓજી/ તા.6/7/72.
પરિપત્ર ક્રમાંકઃ 3460/એડીએમ/સીઓજી/2/8/76.
પરિપત્ર ક્રમાંકઃ 3882/એડીએમ/સીઓજી/30/8/76.
પરિપત્ર ક્રમાંકઃ /સીઓજી/4805/વહી/77/20/10/77.
પરિપત્ર ક્રમાંકઃ સીઓજી/2911/વહી/તા.15/7/78.
પરિપત્ર ક્રમાંકઃ કજ/વહટ/એસઓ/2930/92. તા.31/12/92.
પરિપત્ર -

સને-1960 થી બૃહદ મુંબઇ રાજયમાંથી ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યા બાદ હોમગાર્ડઝ દળના માનદ હોમગાર્ડઝ સભ્યોને સભ્ય પદેથી તેના ઉપરથી વિવિધ પ્રકારની રેન્કોમાં બઢતી આપવા અંગેના રેન્ક ટેસ્ટ વગેરેના આમુખમાં દર્શાવેલા પરિપત્રોથી સમય-સમય ઉપર હુકમો કરવામાં આવેલા છે. કેટલીકવાર જુદાજુદા પ્રકારના વ્યવહાર જુદા-જુદા સમયે કરવામાં આવે છે. આ ક્ષતિ નિવારવા અને એક સુત્રતા જાળવી રાખી એકજ પ્રકારની અમલવારીથી નિમણુંકો અને બઢતીઓ આપવા માટેની પ્રણાલિકા ઘડી કાઢવાની ખાસ જરુરીયાત જણાયેલ છે. જેથી આ બધા હુકમોનું એકત્રીકરણ કરીને સરળ અને સંકલીત સ્વરુપે ચોકકસ માર્ગદર્શન નિયમો અને બઢતી માટેના ધોરણો નકકી કરી હુકમો બહાર

પાડવાની બાબતે હેડકવાટર્સની વિચારણા હેઠળ હતી. તદ અનુસાર પુખ્ત વિચરણાને અંતે હોમગાર્ડઝ સભ્યો/ અધિકારીઓને વિવિધ પ્રકારની રેન્કમાં અને હોદા ઉપર બઢતી આપવા તેમજ સીધી ભરતીથી નિમણુંક આપવા અંગેની નીચે મુજબની લાયકાતો અને સીધી બઢતી આપવાના પ્રમાણે અને નિયમો મુજબ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

(2) સામાન્ય લાયકાતો -

કોઇપણ સભ્યને/ અધિકારીને હાલની રેન્કમાંથી ઉપરની રેન્કમાં બઢતી અગર તો સીધી ભરતીથી નિમણુંક આપવા માટે નીચેની સામાન્ય લાયકાતો હોવી જરૂરી છે. જો આ સામાન્ય લાયકાતો ઉમેદવાર ધરાવતો ન હોયતો તેને બઢતી માટે સીધી નિમણુંક માટે લાયક ગણવામાં આવશે નહી. ઉપરાંત જે તે રેન્કની લાયકાત ધરાવતો હોવો જોઇએ. આ સામાન્ય લાયકાતો નીચે મુજબ છે.

ઉમેદવાર મધપાન માટેની પરમીટ ધરાવતો ન હોવો જોઇએ. તેમજ તેઓની દારુબંધી ધારા અસ્પૃશ્યતા નિવારણ ધારા કે ભારતીય દંડસહીતા ધારા હેઠળ કોઇ ગુના અન્વયે સજા થયેલ ન હોવી જોઇએ.

તે સભ્યની સામે કોઇ પોલીસ કેસ કે કોર્ટ કેસ પેન્ડીંગમાં ન હોય અગર કોઇ ગુનામાં કોઇ કોર્ટ શિક્ષા કરેલી ન હોય અગર ખાતાકીય રીતે મોટી શિક્ષા થયેલી ન હોવી જોઇએ.

ઉમેદવાર કોઇપણ રાજકીય પક્ષ કે કોમવાદી સંસ્થાના સભ્ય હોવા ન જોઇએ. તેમજ કોઇપણ રાજકીય પક્ષ કે કોમવાદી સંસ્થાના વિચારસરણીથી દોરવાશે નહી. અને દળની પ્રવ્રુત્તિઓ સાથે સાંકળશે નહી. એવી લેખિત બાંહેધરી આપવાની રહેશે.

હાલની રેન્કમાં પરેડ અને ફરજોમાં દર વર્ષે ઓછામાં ઓછી 60 ટકા હાજરી હોવી જોઇએ.

દરરોજ જરુરી સમય કચેરીના કામકાજ માટે અને તાલીમ વગેરે માટે ફાળવી આપવાની ક્ષમતા હોય.

ટુંકી મુદતની જાણથી રાજયમાં કે રાજય બહાર ગમે તે સ્થળે અને ગમે તેટલી મુદત માટે ફરજ પર બોલાવ્યેથી હાજર થવાનું રહેશે.

ઉમેદવાર જે રેન્કમાં પ્રમોશનપાત્ર હોય તેના સેકશન પ્લાટુન અગર ડીવીઝનની કામગીરીથી વાકેફ હોય.

ઉમેદવાર સમાજમાં નોકરી અથવા ધંધામાં પ્રતિષ્ઠિત અને મોભાદાર સ્થાન ધરાવતું વ્યકિતત્વ હોવું જોઇએ.

ઉમેદવાર પોતાના હવાલામાં સુપ્રત થયેલ કામકાજ અને કંપની/ યુનીટના ઉપર કાબું રાખવાની અને અન્ય પાસેથી કામ લેવાની ક્ષમતા હોવી જોઇએ.

હોમગાર્ડઝની ફરજો બજાવવા માટે શારીરિક રીતે સંપૂર્ણ ક્ષમતા ધરાવતો હોવો જોઇએ. બઢતી/નિમણુંકના તમામ પ્રસંગે મેડીકલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

નિમણુંક પામનાર ઉમેદવાર યુનીટ મથકે જ રહેઠાણ ધરાવવા ઉપરાંત ત્યા વ્યવસાય અથવા નોકરી ધરાવતો હોવો જોઇએ. કે જેથી હોમગાડ.ઝ પ્રવૃત્તિઓની બાબતોએ પૂરતો સમય આપી શકાય.

સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવાર તેની રેન્કની લાયકાતમાં નિયત કરેલ જીલ્લા/ રાજય કક્ષાનો તાલીમ કોર્ષ નિમણુંકની તારીખ પછી જે પહેલ વહેલાં યોજાય તે કોર્ષમાં 1 વર્ષ દરમ્યાનમાં વધુમાં વધુ બે તકોમાં ભરવાના રહેશે. અને તેમ કરવામાં નિષ્ફળ રહેનાર ઉમેદવાર આપોઆપ છૂટા થયેલા ગણાશે.

સીધી ભરતીથી નિમણુક઼ આપવામાં આવે તેવા તમામ કિસ્સામાં તેવી નિમણુક અજમાયશી ધોરણે આપવાની રહેશે. અને તેમની કામગીરી સંતોષકારક નહી જણાય અગર તો તેઓ માટેના નિયત ટેસ્ટમાં નાપાસ થાય તો તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે. અને તે સામે તે કોઇ અપીલ કરી શકશે નહી.

સીધી ભરતીથી નિમણુંક પામેલા બધા જ ઉમેદવાર યુનીટ/ઓસી/ઓઆઇસી/અને સ્ટાફ ઓફિસર સહીત/ આ દળની કામગીરીઓ જેવી કે હોમગાર્ડઝનું તંત્ર રેન્ક / હોદ્દા પ્રમાણે માળખાની કામગીરી, તાલીમ, ફરજો, હિસાબી પધ્ધીત ભંડાર, હોમગાર્ડઝનો કાયદો અને નિયમો અને બીજી સુચનાઓ વિગેરેથી પ્રથમિક રીતે વાકેફ થવા માટે એક અઠવાડિયા માટે જીલ્લા મુખ્ય મથક ખાતે ફરજીયાત તાલીમ મેળવવાની રેહેશે આ તાલીમ મેળવ્યા બાદ જ હોદાનો/ રેન્કનો ચાર્જ આપવામાં આવશે.

બઢતી કે સીધી નિમણુંકના ઉમેદવારોની જે તે રેન્ક માટે આ પરિપત્રમાં નકકી કરેલ શૈક્ષીણક લાયકાત માટે રાજય સરકારશ્રીએ જાહેર કરેલ આદિવાસી પછાત વિસ્તારના યુનીટો માટે જો પુરતી શૈક્ષીણક લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામા કમાન્ડન્ટ જનરલશ્રી બે વર્ગ સુધીની શૈક્ષીણક લાયકાતમાં છૂટછાટ આપી શકશે.

(૩) બઢતી -

હોમગાર્ડઝના સભ્યો/ અધિકારીઓને બે સ્તરથી બઢતી અને નિમણુક આપી શકશે.

આસીસ્ટન્ટ સેકશન લીડરથી ડીવીઝનલ સાર્જન્ટ મેજર સુધીની એનસીઓઝની રેન્કની નિમણુંકો અને બઢતી જલ્લા કમાન્ડન્ટશ્રી તરફથી આપવામાં આવશે.

પ્લાટુન કમાન્ડરથી ઉપરની સીનીયર ડિવીઝનલ કમાન્ડર સુધીની રેન્કની નિમણુંકો કમાન્ડન્ટ જનરલશ્રી તરફથી આપવામાં આવશે.

જયાં સીધી ભરતીથી નિમણુંક આપવાની છે.તે તમામ રેન્કની કુલ જગ્યાઓ આધારીત 1/3 ભાગ સીધેસીધી ભરતીથી નિમણુક કરી શકશે. પરંતુ કોઇ ખાસ કિસ્સામાં આ ઠરાવેલ પ્રમાણપત્ર છુટછાટ  આપીને જો જગ્યા ખાલી પડતી હોયતો બઢતીથી કે સીધી ભરતીથી પણ નિમણુંક આપી ખાલી જગ્યા ભરી શકાશે.

(4) જીલ્લા કક્ષાએથી જીલ્લા કમાન્ડન્ટશ્રી. તરફથી આપવામાં આવતી બઢતીઃ-

(અ) આસીસ્ટન્ટ સેકશન લીડર તરીકે બઢતી માટે લાયકાત -

સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે મુજબની લાયકાત ધરાવનાર દળના સભ્યો  આસી.સેકશન લીડર તરીકે બઢતી માટે લાયક ગણવાના  રહેશે.

હોમગાર્ડઝના સભ્ય તરીકે દળમાં જોડાયેલા હોય.

હોમગાર્ડઝના સભ્ય તરીકે બે વર્ષ સળંગ પૂરા કર્યા હોય અને સંતોષકારક કામગીરી બજાવી હોય.

જીલ્લા કક્ષાનો બેઝિક તાલીમ કેમ્પ કરેલ હોય.

ઓછામાં ઓછા સાત ધોરણ પાસ હોય.

વડી કચેરી તરફથી નકકી કરેલ ટેસ્ટીંગ બોર્ડ અનુસાર આસી.સેકશન લીડરની રેન્ક ટેસ્ટ પાસ કર્યા હોય.

હોમગાર્ડઝની કામગીરીથી માહિતગાર હોય.

હોમગાર્ડઝ મસ્ટર રોલ તૈયાર કરતા આવડતું હોય.

જે સભ્ય ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા હોયતો યુનીટના સંખ્યાબળની નજરે જરુરીયાત પ્રમાણે જીલ્લાની પસંદગી સમિતિ મારફતે સીનીયોરીટી ક્રમ મેરીટના ધોરણે
પસંદગી યાદી બનાવી યાદીના અગ્રતાક્રમના ધોરણે અસી.સેકશન લીડરની રેન્કમાં બઢતી આપવાની રહેશે.

(બ) સેકશન લીડર તરીકે બઢતી માટે લાયકાતઃ-

આસીસ્ટન્ટ સેકશન લીડરની બે વર્ષની સંતોષકારક સેવા હોવી જોઇએ.

ઉમેદવાર આઠ ધોરણ પાસ કરેલા હોવા જોઇએ.

સેકશન લીડર તરીકે ઠરાવેલી રેન્ક ટેસ્ટ પાસ કરેલ હોય.

જે સભ્યો ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા હોયતો યુનીટના સંખ્યાબળ નજરે જરુરીયાત પ્રમાણે જીલ્લાની પસંદગી સમીતી મારફતેમ સિનિયોરિટી ક્રમ મેરીટના ધોરણે પસંદગી યાદી બનાવી તે યાદીના અગ્રતાક્રમના ધોરણે સેકશન લીડરની રેન્કમાં બઢતી આપવાની રેહેશે.

(ક) પ્લાટુન સાર્જન્ટ તરીકે બઢતી માટે લાયકાત -

સેકશન લીડર તરીકે બે વર્ષ સંતોષકારક કામગીરી બજાવી હોય.

જીલ્લા / રાજયકક્ષાનો એડવાન્સ કોર્ષ કરેલ હોય.

વડી કચેરી તરફથી નકકી કરેલ ટેસ્ટીંગ બોર્ડ પ્લાટુન સાર્જન્ટની રેન્ક ટેસ્ટ પાસ કરેલી હોવી જોઇએ.

હોમગાર્ડઝના પ્લાટુનથી માહિતગાર હોવો જોઇએ.

હાજરી પત્રક , ફરજના બીલો, પરેડના બીલો, ટી.એ.બીલો બનાવતા આવડવું જોઇએ.

પ્લાટુન કમાન્ડરની ગેર હાજરીમાં તેની કામગીરી બજાવવાની ક્ષમતા હોવી જોઇએ.

ઉમેદવાર ઓછામાં ઓછી એસ.એસ.સી. વગર તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

જે સભ્યો ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા હોયતો યુનીટના સંખ્યાબળની નજરે જરુરીયત પ્રમાણે જીલ્લાની પસંદગી સમિતિ મારફતે સિનિયોરિટી ક્રમ મેરીટના ધોરણે પસંદગી યાદી બનાવી તે યાદીના અગ્રતાક્રમ ધોરણે પ્લાટુન સાર્જન્ટની રેન્કમાં બઢતી આપવાની રહેશે.

(6) પ્લાટુન સાર્જન્ટ તરીકે જીલ્લ કમાન્ડન્ટશ્રી ધ્વારા સીધી ભરતી -

ઉમેદવાર હોમગાર્ડઝના સભ્ય તરીકેની સામાન્ય લાયકાત ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર જુનીયર એસ.એસ.સી. પાસ કરેલી હોવી જોઇએ.

ઉમેદવાર હોમગાર્ડઝના સંસ્થામાં સેવા આપવાની ઇચ્છા ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર ઓછામાં ઓછી એસ.એસ.સી. પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

ઉપરોકત લાયકાત ધરાવનાર ઉમેદવારને જીલ્લા કમાન્ડન્ટશ્રી પ્લાટુન સાર્જન્ટની રેન્કમાં એક વર્ષની મુદતમાં પ્લાટુન સાર્જન્ટની રેન્ક ટેસ્ટ પાસ કરવાની શરતે પ્લાટુન સાર્જન્ટની રેન્કમાં સીધી નિમણુંક આપી શકે છે.

આવી શરતી નિમણુંક મેળવનાર પ્લાટુન સાર્જન્ટે એક વર્ષની મુદતમાં પ્લાટુન સાર્જન્ટની રેન્ક ટેસ્ટ નિયમાનુસાર પાસ કરવાનો રહેશે. અને તે માટે જીલ્લા કમાન્ડન્ટશ્રીએ આ ટેસ્ટમાં બેસવા દેવા માટે એક તક આપશે. નિમણુંક શરત અનુસાર એક વર્ષમાં આવી રેન્ક ટેસ્ટ પાસ ન કરનાર પ્લાટુન સાર્જન્ટ દળમાંથી આપો-આપ છુટા થયેલા ગણાશે.

(7) કંપની કવાર્ટર માસ્ટર, કંપની સાર્જન્ટ મેજર, ડીવીઝનલ કવાટર માસ્ટર ડીવીઝનલ સાર્જન્ટ મેજર તરીકે બઢતી માટે લાયકાત -

ગુજરાત ગૃહરક્ષક દળના યુનીટોમાં સભ્યોની સંખ્યા છે. તે જોતાં આ પ્રકારની ઘણી ઓછી જગ્યાઓ હોય છે. અને તેથી આ જગ્યાઓ માટે કોઇપણ પ્રકારની રેન્ક ટેસ્ટ રાખવામાં આવેલ નથી. પરંતુ જીલ્લા કમાન્ડન્ટશ્રી,લાયકાત ધરાવતા પ્લાટુન સાર્જન્ટને યુનીટના સંખ્યાબળ ધ્યાનમાં લેતા ખાલી જગ્યા હોય તો જીલ્લા પસંદગી સમિતિ મારફતે સિનિયોરિટી ક્રમ મેરીટના ધોરણે પસંદગી યાદી બનાવી યાદીના અગ્રતા ક્રમ ધોરણ નીચેની રેન્કમાં બઢતી આપી શકાશે.

કંપની કવાટર માસ્ટર
કંપની સાર્જન્ટ મેજર
ડીવીઝનલ કવાટર માસ્ટર
ડીવીઝનલ સાર્જન્ટ મેજર

(8) લશ્કરમાંથી નિવૃત્ થયેલા એનસીઓઝની સીધી નિમણુક઼ -

લશ્કરમાંથી નિવૃત્ થયેલ એનસીઓઝ રેન્ક ધરાવતા જો કોઇ ઉમેદવાર આ દળમાં જોડાવા માગતા હોયતો ખાલી જગ્યા આધારીત આવા ઉમેદવાર બીજી રીતે યોગ્ય હોય તો તેમના નિવૃત્તિ સમયે જે રેન્ક હોય તેન સમકક્ષની આ દળની એનસીઓઝની રેન્કમાં સીધી નિમણુંક આપી શકાશે.

(9) રાજયકક્ષાએથી કમાન્ડન્ટ જનરલશ્રી તરફથી આપવામાં આવતી બઢતી અને નિમણુંક-

(ક) પ્લાટુન કમાન્ડર તરીકે બઢતી માટે લાયકાત -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચેની લાયકાતો ધરાવતાં હશે તો પ્લાટુન કમાન્ડરની રેન્કમાં બઢતી માટે લાયક ગણાશે.

પ્લાટુન સાર્જન્ટ અગર તો તેની ઉપલી એનસીઓઝની રેન્કમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની સંતોષકારક કામગીરી બજાવી હોય.
લીડર શીપ કોર્ષની તાલીમ મેળવેલ હોય.

વડી કચેરી તરફથી નકકી કરેલ ટેસ્ટીંગ બોર્ડ અનુસાર પ્લાટુન કમાન્ડરની રેન્ક ટેસ્ટ પાસ કર્યા હોય.

એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા  પાસ કરેલી હોવી જોઇએ.

પ્લાટુન કમાન્ડર તરીકે સભ્યોના ઓળખપત્ર, સર્વિસબુક, કીટ ફોર્મની નોંધોની ચકાસણી વિગરે માટે સમય આપી કામગીરી કરવાની ક્ષમતા ધરાવતાં હોવા જોઇએ.

એક પ્લાટુનને નિયંત્રણમાં રાખવા ફરજ પર હાજર કરવાની ઓછામાં ઓછી ક્ષમતા ધરાવતો હોવો જોઇએ.

જે સભ્યો .પર પ્રમાણેની લાયકાત ધરાવતા  હોય તો યુનીટના સંખ્યાબળની નજરે જરુરીયાત પ્રમાણે જીલ્લાની પસંદગી સમિતિ મારફતે સિનીયોરીટી ક્રમ મેરીટના ધોરણે પસંદગી યાદી બનાવી યાદીના અગ્રતા ક્રમના ધોરણે પ્લાટુન કમાન્ડરની રેન્કમાં બઢતી આપવાની રહેશે.

(ખ) પ્લાટુન કમાન્ડરની સીધી ભરતી માટે લાયકાત -

જો કોઇ ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે પ્રમાણેની લાયકાત ધરાવતો હોયતો પ્લાટુન કમાન્ડર તરીકે સીધી ભરતી કરી શકાય છે.

હોમગાર્ડઝ દળમાં સેવા કરવાની પ્રબળ ઇચ્છા હોય.

ઉમેદવાર ઓછામાં ઓછા માન્ય યુનિવર્સિટીનો સ્નાતક હોય.

ઉમેદવારે એન.સી.સી.  " સી "    સર્ટીફીકેટ પરીક્ષા પાસ કરી હોય.

ઉમેદવાર યુનીટના હેડકવાટર્સમાં રહેતી હોય અને ત્યાં વ્યવસાય કે નોકરી કરતો હોય.

જો કોઇ ઉમેદવાર ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતી હોયતો જીલ્લા કમાન્ડન્ટશ્રીની નિયત નમુનામાં-૩ નામોની પેનલ બનાવેલ દરખાસ્ત મળયેથી અગર તો કમાન્ડન્ટ જનરલશ્રીને ધ્યાને કોઇ યોગ્ય ઉમેદવાર ઉપર મુજબની લાયકાત ધરાવતો હશે તો પ્લાટુન કમાન્ડર તરીકે નીચેની શરતે નિમણુંક આપશે.

એક વર્ષની મુદતમાં પ્લાટુન કમાન્ડરનો રેન્ક માટેનો ટેસ્ટ પાસ કરવાની શરતે નિમણુંક આપવામાં આવશે. જો નિમણુંકની શરત અનુસાર એક વર્ષમાં આ રેન્ક ટેસ્ટ પાસ ન કરનાર આવા પ્લાટુન કમાન્ડરને દળમાંથી આપોઆપ છુટા થયેલ ગણાશે.

(ગ) સીનીયર પ્લાટુન કમાન્ડર તરીકે બઢતી માટે લાયકાત -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચેની લાયકાતો ધરાવતો હશે તો સીનીયર પ્લાટુન કમાન્ડર તરીકે બઢતી માટે લાયક ગણાશે.

પ્લાટુન કમાન્ડર તરીકે પાંચ વર્ષની સંતોષકારત કામગીરી બજાવી હોય .
જે સભ્યો ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા હોય તો યુનીટના સંખ્યાબળની નજરે જરુરીયાત પ્રમાણેની જીલ્લાની પસંદગી યાદી બનાવી યાદીના અગ્રતા ક્રમ પ્રમાણે સીનીયર પ્લાટુન કમાન્ડરની રેન્કમાં બઢતી આપવાની રહેશે.

(ઘ) કંપની કમાન્ડર તરીકે બઢતી માટે લાયકાત -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચેની લાયકાતો ધરાવતો હશે તો કંપની કમાન્ડર તરીકે બઢતી માટે લાયક ગણાશે.

ઉમેદવારે સીનીયર પ્લાટુન કમાન્ડર તરીકે બે વર્ષ અગર પ્લાટુન કમાન્ડર તરીકે પાંચ વર્ષ સુધી સંતોષકારક રીતે દળમાં સેવા આપી હોવી જોઇએ.
ઉમેદવાર ઓછામાં ઓછો માન્ય યુનીવર્સિટીનો સ્નાતક હોવો જોઇએ.
વડી કચેરી તરફથી નકકી કરેલ ટેસ્ટીંગ બોર્ડ અનુસાર કંપની કમાન્ડરની રેન્ક ટેસ્ટ પાસ કરી હોવી જોઇએ.
સ્ટોર્સની લેવડ-દેવડ અંગેની પધ્ધતિથી જાણકાર હોવો જોઇએ.
તેનામાં કંપનીને ફરજ ઉપર મુકવાની અને નિયંત્રણમાં રાખવાની ક્ષમતા હોવી જોઇએ.
કેમ્પ આયોજન કરવાની ક્ષમતા હોવી જોઇએ.
જે સભ્યો ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા હોય તો યુનીટના સંખ્યાબળની નજરે જરુરીયાત પ્રમાણે જીલ્લાની પસંદગી સમિતિ મારફતે સિનીયોરીટી ક્રમ મેરીટના ધોરણે પસંદગી યાદી બનાવી યાદીના અગ્રતા ક્રમના આધારે કંપની કમાન્ડરની રેન્કમાં બઢતી આપવાની રહેશે.

(ચ) કંપની કમાન્ડરની સીધી ભરતી માટે લાયકાત -

જો કોઇ ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે પ્રમાણેની લાયકાતો ધરાવતો હોય તો કંપની કમાન્ડર તરીકેની સીધી ભરતી કરી શકાય છે.

ઉમેદવાર માન્ય યુનિવર્સિટીનાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરેલી હોવી જોઇએ.
ઉમેદવાર નોકરીમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર જગ્યા ઉપર સ્વતંત્ર હવાલાની રીતે જો સરકારી નોકરી હોય તો રાજયપત્રિત અને અન્ય નોકરી હોય તો સીનીયર સુપરવાઇઝરી ઉચ્ચ પદનો વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

જો કોઇ ઉમેદવારો ઉપર પ્રમાણેની લાયકાતો ધરાવતો હોય તો જીલ્લા કમાન્ડન્ટશ્રીની નિયત નમુનામાં ત્રણ નામોની પેનલ બનાવેલ દરખાસ્ત મળ્યેથી અગર તો કમાન્ડન્ટ જનરલશ્રીની ધ્યાને કોઇ યોગ્ય ઉમેદવાર ઉપર મુજબની લાયકાત ધરાવતા હશે અને ખાલી જગ્યા હોય તો કમાન્ડન્ટ જનરલશ્રી ત્રણ નામોની પેનલ પૈકી યોગ્ય ઉમેદવારને કંપની કમાન્ડર તરીકે નીચેની શરતે નિમણુંક આપશે.

એક વર્ષની મુદતમાં કંપની કમાન્ડરની રેંક માટેનો ટેસ્ટ પાસ કરવાની શરતે નિમણુંક આપવામાં આવશે. જો નિમણુંકની આ શરત અનુસાર એક વર્ષમાં આ રેંક પાસ ન કરનાર આવા કંપની કમાન્ડરને દળમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે.

(છ) ડિવિઝનલ કમાન્ડર તરીકે બઢતી માટેની લાયકાતો -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચેની લાયકાતો ધરાવતો હોય તો ડિવિઝનલ કમાન્ડર તરીકે બઢતી માટે લાયક ગણાશે.

ઉમેદવાર કંપની કમાન્ડર તરીકે પાંચ વર્ષ સુધી સંતોષકારક રીતે દળમાં સેવા આપેલી હોવી જોઇએ.

ઉમેદવાર ઓછામાં ઓછી માન્ય યુનિવર્સિટીનો સ્નાતક હોવો જોઇએ.

વડીકચેરી તરફથી નકકી થયેલ ટેસ્ટીંગ બોર્ડ અનુસાર ડિવિઝનલ કમાન્ડરની રેંક માટેનો ટેસ્ટ પાસ કરેલ હોવો જોઇએ.

લીડરશીપ કોર્ષ અને એડવાન્સ તાલીમ કોર્ષ કરેલ હોવો જોઇએ.

ડિવિઝનની પરેડ કરાવવાની ક્ષમતા હોવી જોઇએ.

ડિવિઝનના તમામ વહીવટી કામનો અનુભવ હોવો જોઇએ.

જે સભ્યો ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા હોય તો યુનિટનાં સંખ્યાબળની નજરે જરૂરીયાત પ્રમાણે જીલ્લાની પસંદગી સમીતી મારફતે સીનીયોરીટી-કમ-મેરીટનાં ધોરણે પસંદગી યાદી બનાવી યાદીનાં અગ્રતાક્રમનાં ધોરણે ડિવિઝનલ કમાન્ડરની રેંકમાં બઢતી આપવાની રહેશે.

(ઝ) ડિવિઝનલ કમાન્ડરની સીધી ભરતી માટેની લાયકાતો -

જો કોઇ ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે પ્રમાણેની લાયકાતો ધરાવતો હોય તો ડિવિઝનલ કમાન્ડર તરીકે સીધી ભરતી કરી શકાય છે.

ઉમેદવાર માન્ય યુનિવર્સિટીનો સ્નાતક હોવો જોઇએ.

ઉમેદવાર નોકરીમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર જગ્યા ઉપર સ્વતંત્ર હવાલાની રીતે જો સરકારી નોકરી હોય તો રાજયપત્રિત અને અન્ય નોકરી હોય તો સીનીયર સુપરવાઇઝરી ઉચ્ચ પદનો વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

જો કોઇ ઉમેદવારો ઉપર પ્રમાણેની લાયકાતો ધરાવતો હોય તો જીલ્લા કમાન્ડન્ટશ્રીની નિયત નમુનામાં ત્રણ નામોની પેનલ બનાવેલ દરખાસ્ત મળ્યેથી અગર તો કમાન્ડન્ટ જનરલશ્રીની ધ્યાને કોઇ યોગ્ય ઉમેદવાર ઉપર મુજબની લાયકાત ધરાવતા હશે અને ખાલી જગ્યા હોય તો કમાન્ડન્ટ જનરલશ્રી તરીકે નીચેની શરતે નિમણુંક આપી શકશે.

એક વર્ષની મુદતમાં ડિવિઝનલ કમાન્ડરની રેંક માટેનો ટેસ્ટ પાસ કરવાની શરતે નિમણુંક આપવામાં આવશે. જો નિમણુંકની આ શરત અનુસાર એક વર્ષમાં આ રેંક પાસ ન કરનાર આવા ડિવિઝનલ કમાન્ડરને દળમાંથી આપોઆપ છુટા થયેલા ગણાશે.

(ઝ) સીનયર ડિવીઝનલ કમાન્ડર તરીકે બઢતી માટે લાયકાત -

ડીવીઝનલ કમાન્ડરની રેન્કમાંથી સીનીયર ડીવીઝનલ કમાન્ડરની રેન્કમાં બઢતી માટે કોઇ રેન્ક ટેસ્ટ નથી. સીનીયર ડીવીઝનલ કમાન્ડરની રેન્ક વ્યકિતની આવડત, ગુણો, પ્રતિષ્ઠા, કામગીરી, વહીવટી કામ, દળ પ્રત્યેની વફાદારી અને સેવા કરવાની ભાવના ગિરેનો સમગ્ર વિચાર કરીને સીનીયર ડિવીઝનલ કમાન્ડરની રેન્ક સિલેકશન પોસ્ટ રાખવામાં આવેલ છે. જેની નિમણુક નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ઉમેદવાર ડિવીઝનલ કમાન્ડરની રેન્કમાં ત્રણ વર્ષ સંતોષકારક રીતે દળમાં સેવા આપેલ હોવો જાઇએ.

જે ઉમેદવાર ઉપર પ્રમાણેની લાકાત ધરાવતો હોય તો જીલ્લાના સંખ્યાબળની નજરે જરુરીયાત પ્રમાણે જીલ્લાની પસંદગી મારફતે સીનીયોરીટી-કમ-મેરીટના ધોરણે પસંદગી યાદી બનાવી યાદીના અગ્રતાક્રમના ધોરણે સીનીયર ડીવીઝનલ કમાન્ડરની રેન્કમાં બઢતી આપવામાં આવશે.

10 જીલ્લાનો અને યુનિટોના વહીવટમાં કામમાં મદદરુપ થવા કમાન્ડન્ટ જનરલશ્રીની તરફથી આપવામાં

આવતી નિમણૂંકો -

(1) એજયુટન્ટની નિમણૂક માટેની લાયકાતો -

એજયુટન્ટની નિમણૂંક માટે ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચેની લાકાતો ધારણ કરતો હોય તો એજયુટન્ટ હોદા માટે લાયક ગણવામાં આવશે.

અ ઉમેદવાર ઓછામાં ઓછા માન્ય યનિર્વસીટીનો સ્નાતક હોય,

બ ઉમેદવાર હોમગાર્ડઝ દળમાં ઓછામાં ઓછી કંપની કમાન્ડરની રેન્ક ધરાવતો હોય,

ક હોમગાર્ડઝની સાથે શિસ્ત વિરુધ્ધના વર્તન બદલ અપીલ ચલાવવા, તપાસણી કરવા અને તે અંગેના નિયમોથી માહિતગાર હોવો જોઇએ. જો કોઇ ઉપર મુજબની લાયકાતો ધરાવતો હોય અને જગા ખાલી હોય તો કમાન્ડન્ટ જનરલશ્રી યોગ્ય વ્યકિતને એજયુટન્ટ તરીકે નિમણૂંક આપી શકે છે.

(2)સેકન્ડ-ઇન-કમાન્ડની નિમણૂંક માટેની લાકાતો -

સેકન્ડ-ઇન-કમાન્ડ માટેની જગ્યા માટેની નિમણૂંક સીનીયર ડીવીઝનલ કમાન્ડર / ડિવીઝનલ કમાન્ડર પૈકીની યોગ્ય લાયક વ્યકિતની નિમણૂંક આપી શકાશે. જે માટે ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે મુજબની લાયકાતો ધરાવતો હોવો જોઇએ.

અ ઉમેદવાર ઓછામાં ઓછી માન્ય યુનિર્વસીટીનો સ્નાતક પદવી ધરાવતો હોવો જોઇએ.

બ જીલ્લામાં સીનીયર ડિવીઝનલ કમાન્ડર / ડિવીઝનલ કમાન્ડરની રેન્ક ધરાવતો હોવો જોઇએ.

ક ઉમેદવાર ઉચ્ચ કોટીનુ નેતુત્ત્વ ધરાવવા ઉપરાંત જીલ્લાના ઉચ્ચ પદાધિકારીઓ સાથે સહયોગ મેળવવા અને કામકાજ કરવા શકિતમાન હોવો જોઇએ.

ડ ઉમેદવાર જીલ્લા કમાન્ડન્ટશ્રીની ગેરહાજરીમાં સંપૂર્ણ વહિવટ, હિસારી અને તાલીમ કામગીરી ચલાવી શકવા સક્ષમ હોવો જાઇએ. જો કોઇ ઉમેદવાર ઉપર મુજબની લાયકાતો ધરાવતો હોય અને ખાલી જગ્યા હોય તો કમાન્ડન્ટ જનરલશ યોગ્ય વ્યકિતને સેકન્ડ-ઇન-કમાન્ડ તરીકે નિમણૂંક આપી શકે છે.

(3). સ્ટાફ ઓફીસરની નિમણૂંક માટેની લાયકાતો અને કામગીરી -

સ્ટાફ ઓફીસરની નિમણૂંક શરુઆતની રેન્ક કંપની કમાન્ડરની રેન્કમાં નીચે મુજબની બે પધ્ધતિથી આપી શકાશે.

દળમાંના અધિકારીઓ પૈકીમાંથી નિમણૂંક આપી શકાશે બઢતીથી નિમણૂંક આપવાની હોય તેવા કેસમાં કંપની કમાન્ડરની રેન્ક ધરાવતા હોવા જોઇએ  અગર તો કંપની કમાન્ડરની રેન્ક માટેની પસંદગી સમિતિની યાદીમાં નામ હોવુ જોઇએ

સીધી ભરતીથી નિમણૂંક આપી શકાશે.સીધી ભરતીથી નિમણૂંક આપવાની હોય તે માટે આ પરિપત્રમાં જણાવેલ સામાન્ય લાયકાતો ઉપરાંત કંપની કમાન્ડરની લાયકાત ધરાવતા હોય તેવા જે તે વિભાગ માટેની નિમણૂં આપવાની હોય તે તે ક્ષેત્રન અનુરુપ જે તે વિભાગની લાયકાતો પરિપૂર્ણ કરતા હોવા જોઇએ. જે વિભાગવાર નીચે મુજબ છે.

(1) સ્ટાફ ઓફીસર (વહીવટ)

ઉમેદવાર માન્ય યુનિર્વસીટીનો સ્નાતક હોવો જોઇએ.

નોકરીમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર જગ્યા ઉપર સ્વતંત્ર હવાલાની રીતે સરકારી નોકરી કરતો હોય તો  રાજયપત્રીત અને અન્ય નોકરી હોય તો સીનીયર સુપરવાઇઝરી ઉચ્ચપદનુ વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

પોતાના નોકરી યા ધંધામાં ઓછામાં ઓછા 10 વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ, તેને નીચે મુજબની કામગીરી બજાવવાની ક્ષમતા હોવી જોઇએ.

હોમગાર્ડઝની જીલ્લા કચેરીની રોજેરોજની વિહવટી કામગીરી ઉપરાંત પત્રવ્યવહારની કચેરી કામકાજની કાર્યપધ્ધતિથી માહિતગાર હોવો જોઇએ.

આ જગ્યાની કામગીરી માટે જરુરી સમય ફાળવી આપવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરી -

કચેરી બહારથી આવતી ટપાલોની વહેંચણી.

વહીવટને લગતી બાબતોનો પત્રવ્યવહારના જવાબો આપવા માટેના મુસદા ઘડવાની કામગીરી.

હોમગાર્ડઝની ફરજની વહેંચણી,

ફરજ ઉપર મુકેલા હોમગાર્ડઝની માહિતી,

હોમગાર્ડઝના વળતર કેસ તૈયાર કરવાની કામગીરી,

હોમગાર્ડઝના કલ્યાણની બાબતોની કામગીરી,

અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

(2) સ્ટાફ ઓફીસર (કર્મચારીગણ) -

ઉમેદવારની માન્ય લાયકાત ઉપરાંત નીચે મુજબની લાયકાતો ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર કોઇ પણ માન્ય યુનિર્વસીટીનો સ્નાતક હોવો જોઇએ.
નોકરીમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર જગ્યા ઉપર સ્વતંત્ર હવાલાની રીતે જો સરકારી નોકરી હોય તો રાજયપત્રીત અને અન્ય નોકરી કરતો હોય તો સુપરવાઇઝરી ઉચ્ચપદનુ વ્યકિતતવ ધરાવતો હોવો જોઇએ.
પોતાના નોકરી યા ધંધામાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.
આ જગ્યા માટેની હોમગાર્ડઝની કચેરીની નીચે મુજબની કામગીરી કરી શકવાની ક્ષમતા હોવી જોઇએ, તે માટે સમય ફાળવવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરી -

હોમગાર્ડઝ સભ્યોની સેવાપોથી નિભાવવાની રહેશે.
હોમગાર્ડઝની રજા મંજુર કરવાની કામગીરી.
હોમગાર્ડઝને છૂટા કરવા / રાજુનામાં મંજુર કરવાની કામગીરી.
હોમગાર્ડઝની ભરતી રજીસ્ટરની નિભાવણી.
હોમગાર્ડઝને બઢતી આપવા માટેની કામગીરી.
સેકન્ડ-ઇન-કમાન્ડ અગર એજયુટન્ટના પરામર્શમાં અને નિયંત્રણમાં રહી હોમગાર્ડઝની પ્રસંશનીય કામગીરી પુરસ્કાર અગર મેડલ આપવાનુ પ્રકરણ તૈયાર કરવાની કામગીરી
અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

(૩) સ્ટાફ ઓફીસર (હિસાબ) -

ઉમેદવારની લાયકાત ઉપરાંત નીચે મુજબની લાયકાતો ધરાવતો હોવો જોઇએ

આ જગ્યા ઉપર નિમણૂંક માટે ચાર્ટડ એકાઉન્ટન્ટની પદવી પ્રથમ પસંદગી આપવાની રહેશે.
જો ચાર્ટડ એકાઉન્ટન્ટની પદવી ધરાવતા ઉમેદવાર ન મળે તો ઉમેદવાર માન્ય યુનિર્વસીટીનો વાણીજય વિભાગનો સ્નાતક હોવો છોઇએ.
ઉમેદવાર નોકરી કે વ્યવસાયમાં સ્વતંત્ર રીતે કામ કરવાની મોભાદાર જગ્યા ઉપરનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.
આ જગ્યા માટેની હોમગાર્ડઝ કચેરીને લગતી નીચે મુજબની કામગીરી કરવાની ક્ષમતા હોવી જોઇએ અને તે માટે જરુરી સમય ફાળવી આપવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરી -

બીલ રજીસ્ટર નિભાવવાની કામગીરી.
કોઇપણ પ્રકારની તિજોરીમાં મોકલવાના બીલો બનાવવાની કામગીરી.
હોમગાર્ડઝના ભથ્થાઓની વહેંચણી કરવાની કામગીરી.
પહોંચ પત્રક ચકાસવાની કામગીરી.
માસિક કાર્યપત્રક તૈયાર કરવાની કામગીરી.
અંદાજપત્રક તૈયાર કરવાની અને હિસાબી રજીસ્ટર ચકાસણી કરવાની કામગીરી.
સ્થાનિક ટેલીફોન રજીસ્ટર અને ટ્રકકોલ રજીસ્ટર ચકાસવાની કામગીરી.
કોઇપણ બીલના ખર્ચ માટે આપવાના થતા પ્રમાણપત્રોની કામગીરી.
અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી

(4) સ્ટાફ ઓફીસર (તાલીમ) -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે મુજબની લાયકાતો ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર કોઇપણ માન્ય યુનિર્વસીટીની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇએ.
એન.સી.સી.સી સર્ટીફીકેટની પરિક્ષા પાસ કરેલને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
જો એન.સી.સી.સી સર્ટીફીકેટ ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો હોમગાર્ડઝની વિવિધ પ્રકારની તાલીમ કેમ્પો મારફતે તાલીમ મેળવી તાલીમ આપવાના ક્ષેત્રમાં અને તાલીમ આપવા અંગે આયોજન કરવાની ક્ષમતા ધરાવતો હોમગાર્ડઝદળનો ઓછામાં ઓછો 10 વર્ષનો અનુભવ હોવો જોઇએ
ઉમેદવાર નોકરી કે વ્યવસાયમાં ઉચ્ચ મોભાદાર વ્યકિતત્વ ધરાવતો અને આ વિભાગની નીચે મુજબની કામગીરી બજાવવાની ક્ષમતા હોવી જોઇએ અને તે માટે સમય ફાળવી આપવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરી -

માસ દરમ્યાન યોજાનાર પરેડ માટેનો તાલીમ કાર્યક્રમ બનાવવાની કામગીરી.
પરેડ યા ફરજના હાજરીના રીપોર્ટ જોવાની કામગીરી.
તાલીમના કાર્યક્રમ કે ટ્રાફીક કંટ્રોલની ફરજ ગોઠવવાની અને નીરિક્ષણ કરવાની કામગીરી.
પરેડ કે ફરજ ઉપરના હોમગાર્ડઝનુ સુપરવીઝન રાખવાની કામગીરી.

વિવિધ સ્તરના અને વિવિધ ખાસ વિષયોના યોજાતા તાલીમ શીબીરો યોજવાનુ આયોજન કરવા અને તેમાં તાલીમાર્થીઓની કામગીરી.

વિવિધ ખાસ વિષયો જેવા કે ટેલીફોન ઓપરેટર કોર્ષ, વાયરલેસ ઓપરેટર કોર્ષ, મોટર ડ્રાઇવીંગ કોર્ષ, સંકટ બચાવ કામગીરી કોર્ષ, રાજય કક્ષાએ યોજાતા કોર્ષમાં ભાગ લેવા માટે તાલીમાર્થીઓને મોકલવા અને આ પ્રકારની તાલીમ મેળવેલા સભ્યોની અધતન માહિતી આપવાની કામગીરી.

બઢતી માટેની પરિક્ષાઓનુ આયોજન કરવા માટેની કામગીરી.

ફાયરીંગ ટેસ્ટ યોજવાની કામગીરી.

અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

જીલ્લા સ્તરના તાલીમ કેમ્પ યોજવા બાબત.

(5) સ્ટાફ ઓફીસર (ભંડાર) -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ઉપરાંત નીચે મુજબની લાયકાતો ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર કોઇપણ માન્ય યુનિર્વસીટીનો સ્નાતક હોવો જોઇએ.

આ ઉમેદવાર નોકરીમાં કે વ્યવસાયમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર જગ્યા ઉપર સ્વતંત્ર હવાલાની રીતે રાજયપત્રિત કક્ષાનુ વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

પોતાની નોકરી યા ધંધામાં માલસામાન પુરવઠાની જળવણી અને તેના હિસાબી કામકાજમાં ઓછામાં ઓછા 10 વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ. અને તેની આ વિભાગને નીચે મુજબની કામગીરી બજાવવાની ક્ષમતા તેમજ તે માટે સમય ફાળવવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરી -

માલસામાનનો જરુરી જણસોની લેવડદેવડ કરવાની કામગીરી.

માલસામાન પુરવઠાના હિસાબી રજીસ્ટરની નિભાવણી અને હોમગાર્ડઝ સભ્યોને આપવામાં આવતા આઇટમો અને ઇન્વેટરી ફોર્મ્સના નિભાવની કામગીરી.

હથીયર અને દારુગોળાના હિસાબના રજીસ્ટરની નિભાવણી પરેડ ઉપરના કીટ ઇન્સ્પેકશન કરવાની કામગીરી.

ભંડારની ચીજ વસ્તુઓની ભૌતિક ચકાસણીની કામગીરી.

હોમગાર્ડઝના યુનિફોર્મ્સ માટેની આપવામાં આવતી ચીજ વસ્તુઓ અને સાધનસામગ્રીની વાર્ષિક માંગયાદી તૈયાર કરવાની કામગીરી.

કચેરી માટેના સ્ટેશનરી તેમજ નિયત ફોર્મ્સ માટેની વાર્ષિક માંગ યાદી તૈયાર કરવાની કામગીરી.

લાયબ્રેરી રજીસ્ટરના પુસ્તકોની નિભાવણી.

ડેડે સ્ટોક આર્ટીકલ્સ રજીસ્ટરની નિભાવણી.

સ્ટેશનરી અને ફોર્મ્સના રજીસ્ટરની નિભાવણી.

અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

(6) સ્ટાફ ઓફીસર (જન સંપર્ક) -

ઉમેદવાર કોપણ માન્ય યુનિર્વસીટીમાં સ્નાતક હોવો જોઇએ.

નોકરીમાં પ્રતિષ્ઠિત અને મોભાવાળી જગ્યા ઉપર સ્વતંત્ર હવાલાની રીતે રાજયપત્રિત વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

આ જગ્યાને અનુરુપ જનસંપર્ક પત્રકારીત્વનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ હોવો જોઇએ.

આ વિભાગની કામગીરી માટે જરુરી સમય ફાળવી આપવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરી -

હોમગાર્ડઝ દળ વીશે પ્રચાર કરી આ દળ તરફ યુવા વર્ગને આકર્ષિત કરવાની કામગીરી

હોમગાર્ડઝને આમ પ્રજામાં લોકપ્રીય બનાવવાની ઝુબેશ શરુ કરવી.

હોમગાર્ડઝે બજાવે પ્રસંશનિય કામગીરીનો બહોળો પ્રચાર દૈનિક છાપાઓમાં કે દૂરદર્શન કે આકાશવાણીના માધ્યમો મારફતે પ્રસિધ્ધ થાય તેવી કામગીરી.

હોમગાર્ડઝને ઉપયોગી થાય તેવા પ્રકારની ફિલ્મ શો સ્ટાફ ઓફીસર (તાલીમ) પરામર્શમાં સમય અંતરે ફિલ્મ શો યોજવાની કામગીરી

(7) સ્ટાફ ઓફીસર (મોટરાઇઝ યુનિટ) -

ઉમેદવાર કોઇપણ યુનિર્વસીટીના સ્નાતક હોવા જોઇએ.

નોકરીમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર ઉપર સ્વતંત્ર હવાલામાં રીતે રાજયપત્રિત કક્ષાએ વ્યકિતત્વ ધરાવતા હોવા જોઇએ.

મોટર ટ્રાન્સપોર્ટમાં વ્યવસાયમાં કે નોકરીમાં ઓછામાં ઓછા દસ અનુભવ ધરાવતો હોવો જોઇએ. તદઉપરાંત મોટરાઇઝ યુનિટની નીચે કામગીરી બજાવવાની ક્ષમતા હોવી જોઇએ.

આ વિભાગની કામગીરી માટે જરુરી સમય ફાળવી આપવા શકિતમાન હોવા જોઇએ.

ઉમેદવાર મોટર વાહન હાંકવાનુ લાયસન્સ ધરાવતો હોવો જોઇએ અને તેને પોતાની માલિકીનુ વાહન ધરાવતો હોવો જોઇએ.

કામગીરી -

હોમગાર્ડઝને મોટર વાહન ચલાવવા માટેની કામગીરી .

મોટર હાંકનાર હોમગાર્ડઝને પાકા લાયસન્સ આપવા માટેના ટેસ્ટ સ્થાનિક મોટર વાહન વ્યવહાર અધિકારીના પરામર્શમાં રહીને ટેસ્ટ યોજવાની કામગીરી.

મોટરાઇઝ હોમગાર્ડઝની જરુરિયાત પડે ફરજ ઉપર આપવા જીલ્લા કમાન્ડન્ટશ્રીની પરામર્શમાં રહી ફરજ ઉપર મુકવાની કામગીરી.

વાહનોની લોગબુક નિભાવવાની કામગીરી.

તાલીમ પામેલા હોમગાર્ડઝની અધતન માહિતી રાખી જુરુર પડે કામગીરી સુપ્રત કરવાની બાબતે ચોકસાઇ રાખવાની કામગીરી.

અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

(૪) સ્ટાફ ઓફીસર (મહિલા) -

મહિલા ઉમેદવાર માન્ય યુનિર્વસીટીની સ્નાતક હોવી જોઇએ.

નોકરીમાં કે વ્યવસાયમાં અગર તો સામાજીક પ્રવૃત્તિઓમાં પ્રતિષ્ઠિત અને મોભાદાર અને સીનીયર પોઝીશનનુ વ્યકિતત્વ ધરાવતા હોવા જોઇએ.

ઉમેદવાર એન.સી.સી. નુ બી. અગર સી. સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઇએ.

ઉમેદવારે ઉચ્ચકોટીનુ નેતુત્વ ધરાવવા ઉપરાંત જીલ્લાના ઉચ્ચ પદાધિકારીઓ સાથે સહયોગ મેળવવા અને કામકાજ કરવા શકિતમાન હોવા જોઇએ.

આ વિભાગમાં તેમની કામગીરી કરવાની ક્ષમતા હોવી જોઇએ અને તે માટે જરુરી સમય ફાળવી આપવા શકિતમાન હોવા જવોઇએ.

કામગીરી -

મહિલા હોમગાર્ડઝની ભરતી માટેની કામગીરી.

મહિલા હોમગાર્ડઝને લગતા પત્રવ્યવહાર અને સભ્યોની સર્વિસબુક નિભાવવાની કામગીરી.

મહિલા સભ્યોની રજા, રાજીનામા મંજુર કરવાની કામગીરી.

મહિલા હોમગાર્ડઝની વ્યવસાયિક તાલીમ ઉપરાંત ખાસ વિષયો જેવા કે પ્રાથમિક સારવાર, વાયરલેસ/ટેલીફોન ઓપરેટર, ગૃહશોભન, હોમનર્સિંગ જેવા વિષયોની તાલીમ સ્ટાફ ઓફીસર (તાલીમ) ના પરામર્શમાં રહિને તાલીમ આપવાની કામગીરી.

અન્ય જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

સ્ટાફ ઓફીસર મહિલાની જે જીલ્લાઓમાં નિમણૂંક આપેલ ન હોય તો તેની અવેજી વ્યવસ્થા તરીકે આ વિભાગની કામગીરી એડજયુટન્ટે કરવાની રહેશે.

(9) સ્ટાફ ઓફિસર ( મેડીકલ)

આ જગ્યાની નિમણૂક માટે એમ.ડી.ની પદવી ધરાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

જો ઉમેદવાર એમ.ડી. ની પદવી ધરવતો મળે નહી તો એમ.બી.બી.એસ.ની પદવી ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર નોકરીમાં કે તેમના વ્યવસાયમાં સારી કામગીરીથી પ્રજામાં માન ધરાવતો હોવો જોઇએ.

તેમના વ્યવસાયમાં પ્રાવીણ્ય ધરાવતો અને ઓછામાં ઓછો " ૫ " વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.

આ દળને નીચે મુજબની કામગીરી બજાવવાની ક્ષમતા તેમજ તે માટે સમય ફાળવવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરીઃ-

ભરતી થતાં હોમગાર્ડઝ ઉમેદવારની દાકતરી તપાસ કરવી.

હોમગાર્ડઝ સભ્ય કે જેમને મેડીકલ બોર્ડ મારફતે તપાસવાના હોય તેમને કોઇપણ ફી વગર દાકતરી સલાહ આપવાની કામગીરી.

હોમગાર્ડઝ સભ્ય કે જેણે દાકતરી કારણસર લાંબી મુદતની રજા માગેલી હોય તેમને તપાસવાની કામગીરી.

ફરજ દરમ્યાન ધાયલ થયેલા કે ઇજા પામેલા હોમગાર્ડઝને સારવાર કરવાની કામગીરી.

પ્રથમિક સારવાર અને હોમનર્સિંગના વિષયોને હોમગાર્ડઝને સભ્યોને તાલીમ આપવાની કામગીરી.

અન્ય કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.

(10) સ્ટાફ ઓફિસર (લીગલ) -

આ જગ્યાની નિમણૂંક માટે એલ.એલ.એમ.ની પદવી ધરાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

જો ઉમેદવાર એલ.એલ.એમ.ની પદવી ધરાવતો મળે નહી તો એલ.એલ.બી.ની પદવી ધરાવતો હોવો જોઇએ.

પોતાના વ્યવસાયમાં લોકચાહના મેળવેલ હોય અને પ્રતિષ્ઠિત વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

કાયદાકીય બાબતોનો !10! વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.

આ વિભાગની નીચે મુજબની કામગીરી બજાવવાની ક્ષમતા તેમજ તે માટે સમય ફાળવવા શકિતમાન હોવો જોઇએ.

કામગીરીઃ-

હોમગાર્ડઝ સભ્યને કાયદાકીય જ્ઞાન આપવા માટેની કામગીરી.
કોઇપણ પ્રકારના કાયદાકીય પ્રશ્નના અભિપ્રય આપવા તથા પ્રત્યુતરના મુસદા ઘડવાની કામગીરી.
સભ્ય/કર્મચારીના શિસ્ત વિરુધ્ધના વર્તનના કેસો બાબતે કાયદાકીય સલાહ આપવાની કામગીરી.
કાયદાકીય વિષયક અને જે કામગીરી સુપ્રત કરવામાં આવે તે કામગીરી.
કાયદાકીય વિષય અંગેના જરુરી બાબતો એ દળ કે સરકારવતી માંગવામાં આવતા તમામ પ્રકારની સલાહ કે કાનુની સહાય આપવાની કામગીરી.

(4) યુનિટ ઓફીસરો (ઓફસર કમાન્ડીગ અથવા ઓફીસર ઇન્ચાર્જ) ની નિમણૂંક માટેની લાયકાતો -

યુનિટ ઓફીસરોની નિમણૂંક શરુઆતની ઓછામાં ઓછી પ્લાટુન કમાન્ડરની રેન્કમાં નીચે મુજબની બે પધ્ધતિથી આપી શકાશે.

દળના સભ્યો પૈકી યુનિટ ઓફીસરની નિમણૂંક.
યુનિટ ઓફીસરની સીધી ભરતીથી નિમણૂંક.

(1) દળના સભ્યો પૈકી યુનિટ ઓફીસરની નિમણૂંક માટેની લાયકાતો -

ઉમેદવાર સામાન્ય લાયકાતો ધરાવતો હોય તે ઉપરાંત નીચે મુજબની લાયકાતો ધરાવતા હોય તો યુનિટ ઓફીસર તરીકેનો હોદા માટે લાયક ગણવામાં આવશે.

ઉમેદવાર ઓછામાં ઓછી એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરિક્ષા પાસ કરેલી હોવી જોઇએ.
લીડરશીપ કોર્ષની તાલીમ મેળવેલી હોવી જોઇએ.
વડી કચેરી તરફથી યોજાતા પ્લાટુન કમાન્ડરની રેન્ક ટેસ્ટ પાસ કરેલી હોવી જોઇએ.
એછામાં ઓછા પાંચ વર્ષ દળમાં કામ કરેલુ હોવુ જોઇએ.
ઉમેદવાર યુનિટમાં પ્લાટુન સાર્જન્ટ અગર તેનાથી ઉપરી રેન્ક ધારણ કરતો હોવો જોઇએ.
ગામમાં સારો મોભો અને પ્રતિષ્ઠા ધરાવતો હોવો જોઇએ અને યુનિટના વડા તરીકેનુ નેતુત્વ પૂરુ પાડવા ઉપરાંત યુનિટના સભ્યો ઉપર કાબુ ધરાવતો હોવો જોઇએ.

યુનિટની વહિવટી કામગીરીથી વાકેફ હોવો જોઇએ.જો કોઇ સભ્ય ઉપર પ્રમાણેની લાયકાતો ધરાવતો હોય અને ખાલી જગ્યા હોય તો જીલ્લા પસંદગી સમિતિ મારફતે પસંદગી યાદી બનાવી આ યાદીના અગ્રતાક્રમના ધોરણે જીલ્લા કમાન્ડન્ટશ્રીની નિયત નમુનાની દરખાસ્તને આધારે કમાન્ડન્ટ જનરલશ્રી યુનિટના ઓફીસર કમાન્ડીગ / ઓફીસર ઇન્ચાર્જ તરીકે નિમણૂંક આપી શકે છે.

(2) કોઇ કીસ્સામાં દળમાં યોગ્ય વ્યકિત ન હોય અને જરુરી લાયકાતો ધરાવતો સભ્ય ન હોય તો જ  ઓફીસર કમાન્ડીગ / ઓફીસર ઇન્ચાર્જ તરીકે સીધી ભરતી કરવામાં આવશે.તે માટેની સામાન્ય લાયકાતો ઉપરાંત ઉમેદવાર નીચેની લાયકાતો ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર માન્ય યુનિર્વસીટી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇએ અને આવી લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો ઓછામાં ઓછી એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરિક્ષા પાસ કરેલ હોવી જોઇએ.

ઉમેદવાર ગામમાં સારો મોભો અને પ્રતિષ્ઠા ધરાવતો હોવો જોઇએ.

યુનિટના વડા તરીકેનુ નેતુત્વ પૂરુ પાડવા યુનિટના સભ્યો ઉપર કાબુ રાખવા શકિતમાન હોવો જોઇએ.

ઉમેદવાર સરકારી નોકરીમાં સુપરવાઇઝરી કક્ષાના સમકક્ષ મોભાદાર વ્યકિતત્વ ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર સામાન્ય વિહવટી કામગીનો અનુભવ ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર યૂનિટના હેડ કવાટર્સમાં જ રહેતો હોવો જોઇએ અને ત્યાં જ વ્યવસાય કરતો હોવો જોઇએ.

ઉમેદવારની હોમગાર્ડઝમાં પ્રબળ સેવા કરવાની ઇચ્છા હોવી જોઇએ.

ઉમેદવાર હોમગાર્ડઝના સભ્ય તરીક. દાખલ થવાની જરુરી લાયકાતો ધરાવતો હોવો જોઇએ.

જો કોઇ ઉમેદવાર ઉપર પ્રમાણેની લાયકાતો ધરાવતો હોય અને ખાલી જગ્યા હોય તો નિયત નમુનામાં ૩ નામોની પેનલની દરખાસ્તને આધારે કમાન્ડન્ટ જનરલશ્રી આ પેનલ પૈકીની યોગ્ય વ્યકિતને ઓફીસર કમાન્ડીગ ઓફીસર ઇન્ચાર્જ તરીકે સીધી ભરતીથી નિમણૂંક આપી શકશે. આવી નિમણુક મેળવનાર યુનિટ ઓફીસરે રાજય મથક તરફથી ઓફીસર કમાન્ડીગ અને ઓફીસર ઇનચાર્જ માટે યોજાતા તાલીમ કેમ્પમાં એક વર્ષમાં ફરજીયાત તાલીમ લવ઼ાની રહેશે. આ શરતનો ભંગ કરનારને મુદતવિત્યે યુનિટ ઓફીસરમાંથી આપોઆપ છૂટા કરવામાં આવશે.

હોમગાર્ડઝ સભ્યમાંથી એન.સી.ઓઝ. ની રેન્કમાં અને તે ઉપરાંતની વિવિધ રેન્કમાં બઢતી આપવા માટની પસંદગી સમિતિઓ -

પસંદગી સમિતિ નીચે મુજબ બે સ્તરની રહેશે.

એન.સી.ઓઝ. ની રેન્ક માટે જીલ્લા પસંદગી સમિતિ.
પ્લાટુન કમાન્ડર અને તેની ઉપરની રેન્ક માટની બઢતી માટેની પસંદગી સમિતિ.
(1) એન.સી.ઓઝ. ની બઢતી અંગેની જીલ્લા પસંદગી સમિતિ.

આ પસંદગી સમિતિની નીચે મુજબની રચના કરવામાં આવે છે.

જીલ્લા કમાન્ડન્ટશ્રી ચેરમેન.
સ્ટાફ ઓફીસર (ટ્રેનીંગ/વહીવટ કર્મચારીગણ પૈકી ગમે તે એક) સભ્ય.
જીલ્લા યુનિટોમાંથી સૌથી સીનીયર ઓફીસર કમાન્ડીગ સભ્ય.
જીલ્લામાં ફરજ બજાવતા પગારદાર ઇન્સ્ટ્રકટર પૈકી સીનીયર ઇન્સ્ટ્રકટર સભ્ય.
કામગીરી -

આ સમિતિની રચના દર વર્ષ 1 લી એપ્રિલે જીલ્લા કમાન્ડન્ટશ્રી કરેશે.
આ સમિતિની રચનાની જાણ દર વર્ષ 10 એપ્રિલ સુધીમાં જીલ્લા કમાન્ડન્ટશ્રી એ કમાન્ડન્ટ જનરલશ્રીને કરવાની રહેશે.
કોઇ કારણસર વર્ષ દરમ્યાન ઠરાવેલ મુદતમાં કમીટીની રચના ન થાય તો બીજી મુદત સુધી કે જયારે નવી કમીટીની રચના થાય ત્યાં સુધી આ કમીટી અસ્તિત્વમાં રહેશે.
આ સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછા એક વખત અવશ્ય મળશે.આ સમિતિએ વડા મથક તરફથી નકકી કરવામાં આવેલી લાયકાતો ધરાવતા નીચે મુજબના જુદીજુદી રેન્કના એન.સી.ઓઝ. માટેની યુનિટવાર અગ્રતાક્રમ યાદી બનાવવાની રહેશે.
આસીસ્ટન્ટ સેકશન લીડર.
સેકશન લીડર.
પ્લાટુન સાર્જન્ટ.
કંપની ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ.
કંપની સાર્જન્ટ મેજર.
ડિવીઝનલ ક્વાર્ટર માસ્ટર સાર્જન્ટ.
ડિવીઝનલ સાર્જન્ટ મેજર.
પસંદગી સમિતિએ તૈયાર કરેલ યાદીની એક નકલ કમાન્ડન્ટ જનરલશ્રીની તુર્ત જ પાઠવવાની રહેશે.

